# ઝાડ પરના ચોરનો ઈસુ સાથે મેળાપ

## બાળકોને પસ્તાવો કરવા માટે સહાય કરો

બાળકોની ઉંમર અને જરૂરીયાત મુજબની પ્રવૃત્તિઓ આમાંથી **પસંદ કરો.**

એક મોટો બાળક અથવા શિક્ષક લુક ૧૯ :૧ થી ૧૦માંથી જાખી દાણીની વાર્તા **વાંચે.** એક માણસ પૈસા ચોરતો હતો. પણ ઈસુ તેને મળ્યો ત્યારે તેણે પસ્તાવો કર્યો, તે સંબંધીની આ વાર્તા છે.

આ અભ્યાસના છેલ્લા પાના ઉપર આપેલ **ચિત્ર** બાળકો પાસે દોરાવો અથવા રંગ પુરાવો.

**પ્રશ્નો :** (જવાબો સાથે આપેલા છે )

- જાખીની નોકરી શેની હતી ? (કલમ ૨ તે  કર ઉઘરાવનાર હતો. અને કર તરીકે ખુબ વધારે પૈસા લોકો પાસેથી લેતો હતો. આ રીતે કર ઉઘરાવનારાઓ ઘણા ધનવાન થઈ જતા. તેઓ ચોર હતા.)
- જાખી શા માટે ઝાડ ઉપર ચઢયો ? (કલમ ૩)
- ઈસુએ જાખી જેવા ચોરને માફી આપી છે તે કંઈ રીતે બતાવ્યું ? (કલમ ૫ પ્રભુ ઈસુ તેના ઘરે જમવા ગયા.)
- જ્યારે ઈસુએ તેની સાથે વાત કરી ત્યારે તેને કેવી લાગણી થઈ ? (કલમ ૬ તે આનંદિત થયો.)
- જાખી એ જાણ્યું કે ઈસુએ તેને ક્ષમા આપી છે. તેણે આભારીપણું દર્શાવવા માટે શું કર્યુ ? (કલમ ૮)
- ઈસુ કોને બચાવવા આવ્યો ? (ક ૧૦)

જાખી દાણીની વાર્તાનું **નાટક બનાવો.** આ સંક્ષિપ્ત નાટક બાળકો ભજનસેવામાં રજુ કરી શકે માટે આગેવાન સાથે ગોઠવણ કરો. આ નાટક તૈયાર કરવામાં બાળકો સાથે સમય ગાળો. તમારે બધા ભાગોનો ઉપયોગ કરવાનો નથી.

- મોટા બાળકો કે સભાજનો આ પાત્રો ભજવે

**ઉદ્દ્ઘોષક** કે જે વાર્તાને સંક્ષિપ્ત કરે અને બાળકોને સંવાદો શીખવે, ઈસુ, જાખી કે જે પોતાની પાસે એક થેલી રાખે જેમાં સિક્કા તરીકે કાગળના ટુકડા કે પથરા રાખવા.

- નાના બાળકો લોકો બને

**ઉદ્દ્ઘોષક :** વાર્તાનો પ્રથમ ભાગ લુક ૧૯ :૧-૬ ઉપરથી કહે પછી બોલે, 'લોકો શું કહે છે તે સાંભળો'

**લોકો :** ઈસુ આવે છે' ,

'પેલો જાખી જૂઓ, તે ઝાડ પર ચઢી રહ્યો છે.',



‘હું કર ભરવા ગયો ત્યારે તેણે મારી પાસેથી બહુ પૈસા લીધા હતા.’,

‘પેલો ઠીંગુજી ઘણો ખરાબ છે.’, હવે જુઓ, ઈસુ તેની શી વલે કરે છે.’

**જાખી** : ઝાડ પર ચઢી જાય છે (ખુરશી પર ચઢી જાય)

**ઈસુ** : ઝાડ પાસે આવીને ઊભા રહે., ઊંચે જુએ અને બોલે ‘જાખી, નીચે ઉતરી આવ. આજે હું તારા ઘરે તારી સાથે જમીશ.’

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ કલમ ૭-૧૦ ઉપરથી કહે અને બોલે, સાંભળો જાખી શું કહે છે.

**જાખી** : ખુરશી પરથી ઉતરી આવે છે, અને બોલે ‘ઓ હો ! ઈસુ મારા ઘેર આવે છે ! તે મને ક્ષમા કરે છે ! હું ખુશ છું. મેં જે વધારાના પૈસા લીધા છે તે હું પાછા આપી દઈશ. (થેલીમાંથી પૈસા કાઢવાનો અને લોકોને આપવાનો અભિનય કરે) ‘હવે હું ગરીબોને મદદ કરીશ. ઓ ભાઈ, આ પૈસા લો, તમારે જરૂર છે.’’

**ઈસુ** : હું આવા લોકોને બચાવવા આવ્યો છું. જાખી ખોવએલો હતો પણ હવે તે બચાવ પામ્યો છે.

**લોકો** : ‘આ પૈસા જૂઓ ! જાખીએ મને આપ્યા’,

‘ઈસુએ આવા ચોરને કેવો બદલી નાખ્યો !’,

‘દેવ મારા પણ પાપ માફ કરે તો કેવું સારું’

**ઉદ્‌ઘોષક** : નાટક પુરુ થયાની જાહેરાત કરે અને સર્વનો આભાર માને. જો બાળકો એ જાખીનું નાટક મોટાઓ સમક્ષ રજુ કર્યું હોય તો તેમને પાના ૧ ઉપરના પ્રશ્નો પૂછવા દો.

બાળકોને પૂછો દેવની માફીથી ઉપકારવશ થઈને આપણે શું કરી શકીએ તેના ઉદાહરણો બાળકોને આપવા દો.

પૈસાની કોથળીનું ચિત્ર બાળકો પાસે દોરાવો. તેઓ ભજનસેવા વખતે આ ચિત્રો સભામાં બતાવે તેઓ સમજાવે કે આ ચિત્રો બતાવે છે કે દેવ આપણા હૃદયો બદલી શકે છે અને દેવનો પ્રેમ પૈસા કરતા આપણે માટે ખૂબ મૂલ્યવાન બની જાય છે.



યશા. ૧ :૧૮ **મુખપાઠ કરો.**

ત્રણ બાળકો ગી.શા. ૫૧ :૧,૭ અને ૧૨ **મોઢે બોલી જાય.**

**પ્રાર્થના :** પ્રેમી પિતા, તમે અમારા પર ખૂબ પ્રેમ કરો છો માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમે ખોવાયેલા પાપી હતા ત્યારે તમે અમને બચાવવાને આવ્યા.તમે અમને માફી બક્ષી અને આનંદથી ભર્યા. અમે હંમેશા તમારા આભારી થવા માંગીએ છીએ. અમે બીજા માણસો પ્રત્યે પ્રેમ કરીને તમને અમારો પ્રેમ બતાવવા માંગીએ છીએ.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.